કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર૧૦+૨શાખા

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય

Ref. No. -ઉમશ/ઉમા-૦૨/૨૦૨૦/5421-26 Date- 26 /10/2020

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

આણંદ, પંચમહાલ, પાટણ, બનાસકાંઠા અને મહેસાણા

વિષય:- એન્ટ્રી લેવલ પે આપવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો તા.૦૫/૧૧/૨૦૧૮નો પત્રાંક: બમશ/૧૧૧૮/સી.એમ./૨૮૦/ગ

(૨) ગુજરાત માધ્ય. અને ઉ.મા. શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળનો તા.૦૯/૧૦/૨૦૧૮નો પત્ર.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ-(૧)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૦૫/૧૧/૨૦૧૮ના પત્રથી ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળના તા.૦૯/૧૦/૨૦૧૮ના પત્રથી છઠ્ઠા પગાર પંચમાં એન્ટ્રી લેવલ પી.બી.-૧માં પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦,૨૦૦ પે બેન્ડ રૂ.૧૯૦૦/-માં રૂ.૫,૮૩૦/- આપવા અંગેની કરવામાં આવેલ રજૂઆતની ચકાસણી કરવા જણાવેલ છે.

સંઘની ઉક્ત તા.૦૯/૧૦/૨૦૧૮ના પત્રથી કરાયેલ રજૂઆતમાં આણંદ, પંચમહાલ, પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના મળી લગભગ ૫ થી ૭ જેટલા જ કર્મચારીઓને વહીવટી સહાયકમાંથી પુરા પગારે આવેલ જુનિયર કલાર્કને નાણા વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામાનો અમલ ન કરી ખોટુ અર્થઘટન કરી પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦,૨૦૦ ગ્રેડ પે રૂ.૧૯૦૦/-માં પે બેન્ડ રૂ.૫૨૦૦/- આપીને કર્મચારીઓને ઘણુ આર્થિક નુકસાન કરેલ છે, તેવી રજૂઆત કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામા અન્વયેની અનુસૂચિ-ક માં ક્રમ નં.૫ ઉપર જુનિયર કલાર્કની જગ્યાના જૂના પગાર ધોરણ ૩૦૫૦-૪૫૯૦ની સામે પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦,૨૦૦, ગ્રેડ પે રૂ.૧૯૦૦/- (પીબી-૧) નિયત કરવામાં આવેલ છે. અને અનુસૂચિ-ખમાં પીબી-૧ પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦,૨૦૦ના ગ્રેડ પે રૂ.૧૯૦૦/-નો શરૂઆતનો પગાર (એન્ટ્રી લેવલ પે) રૂ.૫,૮૩૦/- નિયત કરવામાં આવેલ છે. તદ્ અનુસાર સમગ્ર રાજ્યમાં તેનું અમલીકરણ કરવામાં આવેલ છે.

તદ્અનુસાર જો આપના જિલ્લામાં જો કોઈ જુનિયર કારકુન સંવર્ગના કર્મચારીનો શરૂઆતનો પગાર (એન્ટ્રી લેવલ પે) રૂ.૫૨૦૦/- આપીને તે પ્રમાણે પગાર બાંધણી કરવામાં આવેલ હોય તો તેવા કિસ્સામાં ઉપર મુજબના નાણા વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામા અન્વયેની અનુસૂચિ-ખ માં દર્શાવ્યા મુજબ નિયમાનુસારની પગાર બાંધણી કરવાની ઘટતી કાર્યવાહિ કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક

૧૦+૨ ખાસ ઘટક

ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ:

- સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ- ગ.શાખા, બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ, મહેસાણા.